બાલાસિનોરમાં 'ઘોડા છુટી ગયા બાદ તબેલાંને તાળાં મારવા' તંત્ર નિકળ્યું

# બાલાસિનોર નગરમાં કમળાને રોકવા યુદ્ધના ધોરણે પાઈપ બદલવા આદેશ

**કલેક્ટર** એક્શન મોડમાં આવ્યા, પ્રદૂષિત પાણી રોકવા કાર્યવાહી હાથ ધરાશે




(પ્રતિનિધિ) બાલાસિનોર તા.24
બાલાસિનોર નગરપાલિકાના જાડી ચામડીના શાસકોએ સમગ્ર નગરને કમળાના ઝપેટમાં લાવી દીધું છે. વિકાસના નામે માત્ર 'મલાઈ' ખાતા બાલાસિનોર નગરપાલિકાના શાસકો પ્રજાને શુદ્ધ પાણી પણ પહોંચાડ શક્યા નથી. સરેઆમ નિષ્ફળ રહેલા પાલિકાના શાસનના પગલે સમગ્ર નગર છેલ્લા કેટલાય દિવસથી કમળાની ઝપેટમાં આવી ગયું છે. તેને નાથવા આરોગ્ય અને વહીવટી વિભાગ મથામણ કરવા છતાં સ્થિતિ સુધરતી નથી. તેનું એકમાત્ર કારણ નગરપાલિકાના શાસકોની અણઆવડત છે. હાલ કલેક્ટરે આ સમગ્ર મામલો પોતાના હાથમાં લઈ તાત્કાલિક પાઈપ બદલવા આદેશ આપ્યો છે.

બાલાસિનોર નગરપાલિકા વિસ્તારમાં હાલમાં વકરેલા કમળાના રોગચાળાને ડામવા અને નાગરિકોના સ્વાસ્થ્યની રક્ષા માટે કલેક્ટર અર્પિત સાગરના અધ્યક્ષ સ્થાને લુણાવાડા કલેક્ટર કચેરી ખાતે એક મહત્વની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં રોગચાળાની ગંભીરતાને ધ્યાને લઈ તાત્કાલિક અસરથી કડક પગલાં લેવા માટે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

કલેક્ટરે નગરપાલિકાના અધિકારીઓને આદેશ આપ્યા છે કે, રોગચાળાગ્રસ્ત વિસ્તારોમાં જે પાણીની લાઈનો ખૂબ જ જૂની છે અને વારંવાર લીકેજ થાય છે, તેને યુદ્ધના ધોરણે બદલવાની કામગીરી શરૂ કરવામાં આવે. ખાસ કરીને પીવાના પાણીની લાઈન અને ગટર લાઈન વચ્ચે થતા લીકેજને કારણે પ્રદૂષિત પાણીની સમસ્યા સર્જાય છે, જેનું કાયમી નિરાકરણ લાવવા ગટર લાઈનોના સમારકામ અને નવીનીકરણ પર ભાર મૂકવામાં આવ્યો છે.

## સોજીત્રામાં સગીરા પર દૂષ્કર્મ ગુજાર્યું

(પ્રતિનિધિ) સોજીત્રા, તા. 24
સોજીત્રા તાલુકાના પલોલ ગામે સગીરા સાથે દુષ્કર્મની હેવાનીયત કરવામાં આવી હતી.. જે અંગે સોજીત્રા પોલીસે ફરીયાદ નોંધી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યાનુસાર, સોજીત્રા તાલુકાના પલોલ ગામે સગીરાને મોહજાળમાં ફસાવી બ્લેકમેલીંગ કરવામાં આવ્યુ હતુ.ગામમાં રહેતા રણજીતકુમાર ઉર્ફે ભલો અશોકભાઈ પરમારે સગીરાને ફોટા બતાવી વાયરલ કરવાની ધમકીઓ આપી હતી. જે પછીથી હવસખોર બળજબરી પૂર્વક સગીરાને ડરાવી ધમકાવી અવાવરૂ જગ્યાએ લઇ ગયો હતો. અને બળાત્કારની હોવાનીયત આચરી હતી.જે અંગે સોજીત્રા પોલીસે રણજીતકુમાર ઉર્ફે ભલો અશોકભાઈ પરમારની અટક કરી સોજીત્રા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધી હતી.

# શિક્ષણએ જીવન ઘડવાની સાધના છે : સ્વામી સચ્ચિદાનંદ

**પેટલાદની વેસ્ટર્ન** સ્કુલમાં 19મો વાર્ષિકોત્સવ સંપન્ન, બે મંત્રી સહિત દાતાઓ હાજર રહ્યાં


તસવીર: વિનાયક આણંદજીવાલા

(પ્રતિનિધિ) પેટલાદ તા.24
પેટલાદ ખાતે 14 ગામ પાટીદાર સમાજ સંચાલિત ધી વેસ્ટર્ન ઈંગ્લીશ મિડીયમ સ્કુલ 20 વર્ષથી કાર્યરત છે. સ્વામી સચ્ચિદાનંદ મહારાજ સહિત દાતાઓના અમૂલ્ય આર્થિક યોગદાનથી આ શાળા સંકુલ આજે વટવૃક્ષ બની રહ્યુ છે. શિક્ષણ ક્ષેત્રે સતત વિકાસ કરી રહેલ આ શાળાનો 19મો વાર્ષિકોત્સવ સંપન્ન થયો હતો. આ પ્રસંગે સ્વામીજીએ કહ્યું હતુ કે, શિક્ષણ માત્ર અભ્યાસ નહીં, પરંતુ જીવન ઘડવાની સાધના છે. આ કાર્યક્રમમ ગુજરાત સરકારના રાજ્ય કક્ષાના બે મંત્રી સહિત અનેક દાતાઓની વિશેષ ઉપસ્થિતીમાં યોજાયો હતો.

પેટલાદ સ્થિત સ્વામી સચ્ચિદાનંદ વિદ્યા સંકુલમાં આવેલી ધી વેસ્ટર્ન ઈંગ્લિશ મિડિયમ સ્કૂલના પ્રાંગણે 19મો વાર્ષિકોત્સવ અને સન્માન સમારંભ યોજાયો હતો. આ કાર્યક્રમના પ્રારંભે 14 ગામ લેઉવા પાટિદાર સમાજના પ્રમુખ ખોડાભાઈ એસ. પટેલે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. આ ઉપરાંત તેઓએ એઆઇ ક્ષેત્રે શાળાના બાળકો આગળ વધે તે માટે જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરવા બાંહેધરી આપી હતી. આ પ્રસંગે આશિર્વચન આપતા પદ્મ ભૂષણ સ્વામી સચ્ચિદાનંદ મહારાજે કહ્યુ હતું કે, શિક્ષણ માત્ર અભ્યાસ નહીં, પરંતુ જીવન ઘડવાની સાધના છે. વિદ્યાએ વિનય, સેવા અને સત્યનું બીજ છે.

આ પ્રસંગે વિદ્યાર્થીઓને આધુનિક ટેકનોલોજી દ્વારા શિક્ષણ મળે તે હેતુથી એઆઈ લેબ માટે સ્વામીજીએ રૂ.21 લાખનું માતબર દાન આપ્યું હતું. આ વાર્ષિકોત્સવમાં શાળાના વિદ્યાર્થીઓએ સંગીત, નૃત્ય, ડાન્સ, નાટક વગેરે કૃતિઓ રજુ કરી હતી. આ ઉપરાંત કાર્યક્રમમાં શૈક્ષણિક, સાંસ્કૃતિક અને ક્રીડાક્ષેત્રે ઉત્તમ પ્રદર્શન કરનારા વિદ્યાર્થીઓને પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સમારંભના અધ્યક્ષ સ્થાને શિક્ષણ મંત્રી રિવાબા જાડેજા, મુખ્ય અતિથિ રાજ્ય કક્ષાના મંત્રી કમલેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

આ સમારોહમાં અમેરિકા રહેતા દાતા નારણભાઈ એ. પટેલ (ફાંગણી), કિરીટભાઈ એ. પટેલ (ફાંગણી), મણીભાઈ આર પટેલ (ભાટીયેલ), અરવિંદભાઈ આર. પટેલ (શાહપુર), ઈશ્વરભાઈ એમ. પટેલ (શાહપુર), જશભાઈ આર. પટેલ (રંગાઈપુરા), પંકજભાઈ રોય (સવાના), ભૂપેન્દ્રભાઈ પટેલ (વાસણા) વિગેરે ઉપસ્થિત રહ્યાં હતાં. આ ઉપરાંત સમાજના હોદ્દેદારો, આગેવાનો, શાળાના આચાર્યો, શિક્ષકો, વાલીઓ, વિદ્યાર્થીઓ વગેરે હાજર રહ્યાં હતાં.

### શાળામાં એઆઇ લેબ માટે દાનની સરવણી વહેતી થઇ




શિક્ષણ ક્ષેત્રે અનોખી પહેલ કરનારા ચરોતરના દાતા મહેન્દ્રભાઈ પટેલ (મેક દાદા) (નિસરાયા)ની વિશેષ ઉપસ્થિતી હતી. જેમાં શાળામાં એઆઇ લેબ તથા અન્ય વિકાસ માટે સ્વામી સચ્ચિદાનંદ મહારાજે રૂ.21 લાખ, સહિત અન્ય દાતા ચેતનાબેન ભૂપેન્દ્રભાઈ પટેલ રૂ.5 લાખ (વાસણા - અમેરિકા), કુસુમબેન પંકજભાઈ પટેલ - રૂ.5 લાખ (દાવોલ - અમેરિકા), મણીભાઈ આર પટેલ - રૂ. 2 લાખ (ભાટીયેલ USA), જશભાઈ રણછોડભાઈ પટેલ - રૂ.51 હજાર (રંગાઈપુરા), જગદીશભાઈ એમ પટેલ - રૂ.11 હજાર (રંગાઈપુરા), મનહરભાઈ રણછોડભાઈ પટેલ - રૂ.11 હજાર (આશી USA), ગિરીશભાઈ ખુશાલભાઈ પટેલ - રૂ.11 હજાર (વિરોલ USA), રાજેશભાઈ ખોડાભાઈ પટેલ - રૂ.11 હજાર (ફાંગણી) વગેરેએ દાન આપ્યું હતું.

### વિધાનગર જીઆઈડીસીની કંપનીમાં આગ લાગતા અફડા તફડી મચી



આણંદ નજીક આવેલા વિઠ્ઠલ ઉદ્યોગનગર ખાતે ખાનગી કંપનીમાં બુધવારના રોજ આગ લાગતા અફડા તફડી મચી હતી. કરમસદ - આણંદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસમાં ડબલ્યુ. આઈ. હીટ ટ્રીટર્સ કંપની, વિઠ્ઠલ ઉદ્યોગનગરમાં આકસ્મિક આગ લાગી હોવાનો કોલ મળ્યો હતો. આથી, કરમસદ - આણંદ ફાયર એન્ડ ઇમરજન્સીમાં કોલ આવતા ઓફિસર ધર્મેશ ગોરના માર્ગદર્શન મુજબ ફાયર ડ્રાઇવર સહદેવસિંહ રાઠોડ, ફાયરમેન અશોકસિંહ સોલંકી, ઝેદ મલેક, નરેશ ચરપોટ તાત્કાલિક ફાયર ફાઇટર લઇ ને ઘટના સ્થળે જઈને પાણી તથા કેમિકલ ફોર્મનો મારો ચલાવીને આગ પર સંપૂર્ણ કાબુ મેળવ્યો હતો. આ સાથે GIDCનું ફાયર ફાઇટર તથા ત્યાં લગાવેલી ફાયર સિસ્ટમથી ભારે જહેમત બાદ આગ બુજાવી હતી. જોકે, ફાયર બ્રિગેડની ઝડપી કામગીરીથી મોટી દુર્ઘટના ટળી હતી અને આગમાં કોઈ પણ જાનહાની થઇ ન હતી.

# સંતરામપુરમાં 5 ખનન માફિયા જેલમાં ધકેલાશે

(પ્રતિનિધિ) સંતરામપુર તા.24
સંતરામપુરના નરસીંગપુર ગામે સ.નં.43 વાળી સરકારી જમીનમાં શખસો દ્વારા અનિધિકૃત પ્રવેશ કરીને જમીન ખોદકામ અને વૃક્ષ નિકંદનની ગેરકાયદેસર પ્રવૃતી થતી હતી. આ અંગે સંતરામપુર પોલીસે ફરીયાદ નોંધી હતી.

સંતરામપુરના નરસીંગપુર ગામે પાલખી હોટલની સામે આવેલ સ.નં.43 વાળી સરકારી જમીનમાં અનિધિકૃત રીતે પ્રવેશ કરી માટી ખોદકામ અને વૃક્ષો કાપવાની ગેરકાયદેસર પ્રવૃતી થતી હતી.જે અન્વયે સંતરામપુર મામલતદારને રજૂઆત મળી હતી. આ રજૂઆતને પગલે તેમણે નાયબ મામલતદાર અને નરસીંગુપુર તલાટીને સ્થળ તપાસ કરવા મોકલ્યા હતા.જ્યા સરકારી જમીન પર જેસીબીથી ખોદકામ ચાલી રહ્યું હતુ.જે અંગે નાયબ મામલતદારે સરકારી જમીનમાં ખોદકામ કરવા અંગે જેસીબી ચાલકને પ્રશ્નનાર્થ કર્યો હતો. જેસીબી ચાલકે સુરેશ પ્રતાપ ગોલ (રહે,ટીંભરવા)એ અફજલ કોઠારી, શંકર પારગી, જશવંત મછાર,તથા ઉસ્માન તમામ (રહે,સંતરામપુર)ના કહેવાથી ખોદકામ કરતો હોવાનું જણાવ્યું હતુ. તે સાથે ખોદકામ માટે વાપરેલુ જેસીબી પણ અફજલની માલિકીનું હોવાનું જણાવ્યુ હતુ. આ અંગે નાયબ મામલતદારે પોલીસને જાણ કરી હતી.જે અંગે પોલીસે જેસીબી સીઝ કરી ચાલકને દબોચી પાડયો હતો અને ગેરકાયદેસર ખોદકામ કરવાનારા પાંચેય ગુનાખોરો વિરૂધ્ધ સંતરામપુર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ દાખલ કરવામાં આવી હતી.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### ખડાયતા સમાજ દ્વારા 'વોઇસ ઓફ ચરોતર' સિંગિંગ કોમ્પિટિશનનું આયોજન કરાયું




**આણંદ |** આણંદ ટાઉન હોલ ખાતે ખડાયતા સમાજ (વલ્લભ વિદ્યાનગર) દ્વારા ચરોતરના ઉભરતા ગાયક કલાકારોને મજબૂત પ્લેટફોર્મ અને પ્રોત્સાહન પૂરું પાડવાના ઉમદા હેતુથી 'વોઇસ ઓફ ચરોતર-સિંગિંગ કોમ્પિટિશન'નું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજના પ્રમુખ અલ્પેશભાઈ શાહ તથા સમગ્ર કારોબારી મિત્રોની જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમમાં નવોદિત યુવક-યુવતીઓ અને સિનિયર સિટીઝન કલાકારોએ પોતાની સંગીત કલા રજૂ કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. ઉદ્ઘોશક ગોપાલભાઈ શાહ તથા અમીબેન શાહના સુંદર સંચાલન અને વિવિધ દાતાઓના સહયોગથી આ સમગ્ર કાર્યક્રમ અત્યંત સફળ અને મનોરંજક રહ્યો હતો.

### કપડવંજની વિદ્યાર્થિનીને 2 સુવર્ણચંદ્રક મળ્યાં



**કપડવંજ |** કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શાહ કેએસ આર્ટસ એન્ડ વીએમ પારેખ કોમર્સ કોલેજની વિદ્યાર્થિની ઘાંચી નજીમા એમ.એ 2025માં સરદાર પટેલ યુનિવર્સિટીની ટીવાય બીકોમની પરીક્ષામાં સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ સિદ્ધિ બદલ યુનિવર્સિટી ખાતે યોજાયેલા પદવીદાન સમારંભમાં બે સુવર્ણ ચંદ્રક એનાયત કરવામાં આવ્યા છે. આ સિદ્ધિ બદલ કોલેજના કાર્યકારી આચાર્ય પ્રો. એ. બી. પંડા, એસઆરસી ઈન્ચાર્જ ડો. એલ.પી.વણકર, કોમર્સ વિભાગના અધ્યક્ષ ડો. જે. બી. બોડાત તથા ઈદ્રીશ અલાદ અને કોલેજના સૌ અધ્યાપકોએ તથા કેળવણી મંડળના પ્રમુખ ડો. હરીશભાઈ કુંડલિયા અને મંત્રીઓએ અભિનંદન પાઠવ્યા હતાં.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે.
આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### સોજિત્રા પોલીસ સ્ટેશન દ્વારા ટ્રાફિક અને સાયબર ક્રાઇમ જાગૃતિ કાર્યક્રમ યોજાયો



**સોજિત્રા |** સોજીત્રા પોલીસ સ્ટેશન અને મઘરોલ ગ્રામ પંચાયતના સંયુક્ત ઉપક્રમે ગ્રામજનો તથા વિદ્યાર્થીઓ માટે ટ્રાફિક અને સાયબર ક્રાઈમ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત જનમેદનીને હેલ્મેટ, સીટબેલ્ટ, રોંગ સાઈડ ડ્રાઈવિંગ અને ઓવરસ્પીડના જોખમો સમજાવી ટ્રાફિક નિયમોના પાલન તેમજ 'રાહવીર યોજના' વિશે માહિતગાર કરી રોડ સેફ્ટી અંગેના પેમ્પલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. વિશેષ કરીને યુવા વર્ગને સ્ટંટ કરવા કે સોશિયલ મીડિયા રીલ્સ બનાવવાની ઘેલછામાં આવતા ગંભીર પરિણામોથી અવગત કરી સમાજમાં જાગૃતિ લાવવા અપીલ કરવામાં આવી હતી. આ સાથે જ, આણંદ જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા હાલમાં વધતા જતા સાયબર ક્રાઈમ અને ફ્રોડ સામે સાવચેતી રાખવા તેમજ જરૂરી તકેદારીના પગલાં લેવા અંગે ઊંડાણપૂર્વકનું માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

### વિદ્યાનગરની એસએસએમ પટેલ કોલેજ ઓફ હોમ સાયન્સની વિદ્યાર્થિનીને ગોલ્ડ મેડલ એનાયત




**આણંદ |** વિદ્યાનગર સ્થિત એસએસએમ પટેલ કોલેજ ઓફ હોમ સાયન્સ વિદ્યાનગરમાં અભ્યાસ કરતી વરિશા તાહીરખાન ખાને બેચરલ ઓફ સાયન્સ 'હોમ સાયન્સની' પરીક્ષામાં એક એવો વિષય કે જે આજની યુવા પેઢી કૌટુંબિક સંસાધનોનું મહત્વ નજર અંદાજ કરી રહી છે. એવા ફેમિલી રિસોર્ટ મેનેજમેન્ટ વિષયમાં એસ.પી. યુનિવર્સિટી ફર્સ્ટ વિથ ગોલ્ડ મેડલ તેમજ ઓવર ઓલ બેસ્ટનો પણ ગોલ્ડ મેડલ મળીને કુલ બે ગોલ્ડ મેડલ ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલના હસ્તે પ્રાપ્ત કર્યો છે.

### નડિયાદ હેડ પોસ્ટ ઓફીસ ખાતે 31મીના રોજ ડાક અદાલત યોજાશે

**નડિયાદ |** ખેડા વિભાગની ટપાલ સેવા ને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે અધિક્ષક ડાકઘરની કચેરી, ખેડા વિભાગ, નડીઆદ 387 001 ખાતે (નડિયાદ હેડ પોસ્ટ ઓફીસના બીજા માળે) 31મી ડિસેમ્બરના રોજ 11 કલાકે ડાક અદાલતનું આયોજન કરવામાં આવ્યુ છે. તેની સમગ્ર જિલ્લાની જનતાએ નોંધ લેવા જાહેર વિનંતી અધિક્ષક ટપાલની અખબારી યાદીમાં કહેવામાં આવ્યું છે.

### સીવીએમ યુનિવર્સિટી દ્વારા વિવિધ ક્ષેત્રના ઉદ્યોગો અને કોર્પોરેટ સંસ્થાઓ સાથે કરાર કરવામાં આવ્યાં



**આણંદ |** સીવીએમ યુનિવર્સિટી દ્વારા NEP 2020 ના લક્ષ્યોને સાકાર કરવા 20થી વધુ અગ્રણી ઉદ્યોગો સાથે કરાર કરવામાં આવ્યા છે. યુનિવર્સિટીના પ્રમુખ ભીખુભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ થયેલા આ કરારો દ્વારા એન્જિનિયરિંગ, ફાર્મસી અને મેનેજમેન્ટ જેવા વિવિધ ક્ષેત્રોમાં શિક્ષણ અને ઉદ્યોગ વચ્ચેનો સેતુ મજબૂત બનશે. આ ભાગીદારીથી વિદ્યાર્થીઓને ઇન્ટર્નશિપ, ફિલ્ડ એક્સપોઝર અને સંયુક્ત સંશોધનની અમૂલ્ય તકો મળશે, જે તેમના પ્લેસમેન્ટની ગુણવત્તામાં નોંધપાત્ર વધારો કરશે. ઉદ્યોગ અને શિક્ષણ જગતનું અંતર ઘટાડતા આ સરાહનીય પ્રયાસોને યુનિવર્સિટીના સત્તાધીશોએ બિરદાવ્યા છે.

### ઉમરેઠના સંતરામ મંદિરમાં ભાગવત સપ્તાહના સમાપન બાદ બ્રહ્મ ચોર્યાસી કરવામાં આવી



**ઉમરેઠ |** ઉમરેઠ સ્થિત સંતરામ મંદિરના વાર્ષિકોત્સવ અને નવીન મંદિરના રજતજયંતી મહોત્સવ નિમિત્તે ભાગવદાચાર્ય રમેશભાઈ ઓઝાના વક્તા પદે યોજાયેલી ભાગવત સાપ્તાહિક કથાના સમાપન બાદ સંતરામ મંદિર દ્વારા ગીરીશભાઈ અંબાલાલ પટેલ (ઓડ) અને સ્વ. કેવલભાઈ કીર્તિભાઇ મહેતાના યજમાન પદે બ્રહ્મ ચોર્યાસી યોજીને બ્રાહ્મણોને જમાડવામાં આવ્યાં હતાં. આ બ્રહ્મ ચોર્યાસીમાં મોટી સંખ્યામાં બ્રહ્મ પરિવાર ભોજન લેવા પધાર્યા હતા. સંતરામ મંદિર ઉમરેઠના મહંત ગણેશદાસજી દ્વારા આમંત્રણને માન આપી આવેલા સૌ ભૂદેવોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

### કેપ્ટન પોલીપ્લાસ્ટને 27.69 કરોડના 1000 સોલાર પંપ માટે એમ્પેનલમેન્ટ મેળવ્યું

**વડોદરા |** વડોદરાની અગ્રણી પોલીપ્લાસ્ટે માઇક્રો ઇરિગેશન અને સોલાર ઇપીસી કંપની કેપ્ટન પોલીપ્લાસ્ટ લિમિટેડ (સીપીએલ) ને MSEDCL તરફથી પીએમ કુસુમ બી યોજના હેઠળ 27.69 કરોડ (GST સહિત)ની કિંમતના વધુ એક હજાર સોલાર પંપ માટે એમ્પેનલમેન્ટ પ્રાપ્ત થયું છે. આ અગાઉના 500 સોલાર પંપના ઓર્ડર બાદ મળેલી આ નવી સફળતા કંપનીની ઓર્ડર બુકને વધુ મજબૂત બનાવે છે અને કૃષિ ક્ષેત્રે સ્વચ્છ ઉર્જાના વધતા વ્યાપમાં કંપનીની મજબૂત સ્થિતિનું સૂચન કરે છે. આ પ્રોજેક્ટ અંગે કંપનીના વ્હોલ ટાઇમ ડિરેક્ટર રિતેશ ખીચડિયાએ જણાવ્યું હતું કે, સતત મળી રહેલા ઓર્ડર્સથી કંપનીની આવકની દૃશ્યતામાં સુધારો થશે.

### માતરની એનસી પરીખ હાઈસ્કૂલમા શ્રેષ્ઠીઓનું સન્માન કરવામાં આવ્યાં



**માતર |** માતરની એન.સી.પરીખ હાઈસ્કૂલ ખાતે માતર ગૌરવ ગાથા સમિતિ દ્વારા વિવિધ ક્ષેત્રે પાયાનું યોગદાન આપનાર શ્રેષ્ઠીઓનો સન્માન સમારંભ ભવ્ય રીતે યોજાયો હતો. ખેડાના સાંસદ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી દેવુસિંહ ચૌહાણની અધ્યક્ષતામાં આયોજિત આ કાર્યક્રમમાં રાજ્યના પુરવઠા મંત્રી રમણભાઈ સોલંકી અને ધારાસભ્ય કલ્પેશભાઈ પરમાર પણ વિશેષ ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમની શરૂઆતમાં શાળાની જમીનના દાતા ગોપાલદાસ અને નટવરલાલ પરીખની પ્રતિમાઓનું અનાવરણ કરવામાં આવ્યું હતું,. આ પ્રસંગે નડિયાદ કિડની હોસ્પિટલના ડો. મહેશભાઈ દેસાઈ, પૂર્વ મુખ્યમંત્રીના અંગત સચિવ જે.ડી. દેસાઈ, નીલાબેન, નવનીતભાઈ શેઠ અને જયશ્રીબેન મહેતા સહિત 20 થી વધુ અગ્રણીઓ અને સમાજસેવકોનું સન્માન કરાયું હતું.

### ઓડના સ્મશાન ગૃહના સંચાલન અને નિભાવ માટે 1.11 લાખનું દાન મળ્યું



**આણંદ |** ઓડના મલાવ ભાગોળના સ્વ. ભાઇલાલભાઇ દાસભાઈ પટેલના સમસ્ત પરિવાર વતી તેના પુત્રો મિનેશભાઈ પટેલ (યુએસએ) તથા પ્રિતેશભાઇ (ગોપાલભાઇ) પટેલ તરફથી હરિ ફાઉન્ડેશન, ઓડને સ્મશાન ગૃહના સંચાલન અને નિભાવ માટે રૂ.1.11 લાખની માતબર રકમનું દાન આપવામાં આવ્યું હતું. આ સેવાકીય કાર્ય બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

### ઠાસરાના ભદ્રાસા ગામમાં આયુષ્યમાન આરોગ્ય મંદિરના બિલ્ડીંગનું લોકાર્પણ કરાયું



**ઠાસરા |** ઠાસરાના ભદ્રાસા ગામે ધારાસભ્ય યોગેન્દ્રસિંહ પરમારના હસ્તે નાગરિકોની સુખાકારી માટે આયુષ્માન આરોગ્ય મંદિરના નવીન બિલ્ડિંગનું લોકાર્પણ કરાયું. આ પ્રસંગે આયોજિત રક્તદાન કેમ્પમાં ૨૦ યુનિટ રક્ત એકત્રિત થયું અને ગ્રામજનોએ વ્યસન મુક્તિના સંકલ્પ લીધા. કાર્યક્રમમાં ૫૪ સગર્ભા બહેનોની ગર્ભ સંસ્કાર વિધિ અને ૮૪ કુપોષિત બાળકોને પોષણ કીટ આપી 'સેહત સાથે સંસ્કાર' અભિયાન સાર્થક કરાયું. સાથે જ, આયુષ્માન કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું.